વખાણ સાંભળવા સરળ છે, પણ જીરવવા કઠિન છે
- ગિજુભાઇ બધેકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૦ | ૧૯ જૂન ૨૦૧૨, મંગળવાર, જયેષ્ઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ગાંધીનગરમાં રાજકીય ઉકળાટ

## ભાજપ હાઇકમાન્ડને મળવા કેશુભાઇ આજે દિલ્હી જશે : અમારી પાસે વિકલ્પ છે, ભાજપ પાસે નથી : કેશુભાઇ રાષ્ટ્રીય નેતાઓને મળશે : તેઓ એમજેપીમાં પણ આવી શકે છે : ઝડફિયા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકારનો વિરોધ કરી રહેલા ભાજપના સિનિયર નેતા અને પૂર્વ મુખ્યમંત્રી આ સરકારનો વિકલ્પ શોધવાની રજૂઆત કરવા આવતીકાલ તા. ૧૯મીએ જૂને નવી દિલ્હી જઇ રહ્યાં છે. તેઓ પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓને મળીને ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ અંગે ધ્યાન દોરશે અને હાઈકમાન્ડના વલણને પારખી ભવિષ્યની રણનિતી બનાવશે.

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના સત્તાવાર બંગલા કે-૧૨માં ભાજપના અસંતુષ્ટ નેતાઓની યોજાયેલા બેઠકમાં કેશુભાઇને નવી દિલ્હી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠક દરમ્યાન મિડીયા સાથેની વાતચીતમાં પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભયનું રાજકારણ છે. ઉકળતો ચરૂ છે તેવા સંજોગોમાં ગુજરાતને પ્રેમનું શાસન મળે તે માટે અમે પ્રયત્ન કરી રહ્યાં છીએ.

તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે અને જનતામાં ઉચાટ છે. રાજ્યના વહીવટી તંત્રને બદલવાનું છે. ગુજરાતમાં બહેનો અને મહિલાઓ સલામત રહી નથી.

તમારી પાસે ક્યા વિકલ્પ છે તેવા એક સીધા પ્રશ્નના જવાબમાં સુરેશ મહેતાએ કહ્યું હતું કે અમારી પાસે ઘણાં વિકલ્પો ખુલ્લા છે. ગુજરાતમાં ત્રીજો મોરચો પણ ખુલી શકે છે. આવતીકાલે કેશુભાઇ પટેલ પાર્ટીના સિનિયર નેતાઓ લાલકૃષ્ણ અડવાણી, લોકસભામાં વિરોધપક્ષના નેતા સુષ્મા સ્વરાજ, રાષ્ટ્રીય પ્રમુખ નિતીન ગડકરી, પાર્ટીના સિનિયર નેતા સંજય જોષી સહિતના રાષ્ટ્રીય નેતાઓને મળશે.

કેશુભાઇના બંગલે મહા ગુજરાત જનતા પાર્ટીના પ્રમુખ ગોરધન ઝડફિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે ગુજરાતની હાલત બગડેલી છે. અમે ૨૦મી જૂને દિલ્હીમાં મિડીયા સમક્ષ જઇને ગુજરાતની હાલની સ્થિતિ જાહેર કરવાના છીએ. જુલાઇમાં લોકાયુક્તની નિમણૂક અંગેનો ચૂકાદો આવશે એટલે હાલની સરકારની મુશ્કેલીઓ વધવાની છે.

તમારી પાસે વિકલ્પ શું છે તેવા પ્રશ્નના જવાબમાં ઝડફિયાએ કહ્યું હતું કે વિકલ્પ તો ભાજપ પાસે નથી. અમારી પાસે વિકલ્પો છે. તો શું કેશુભાઇ તમારી પાર્ટીમાં જોડાઇ જશે તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે કેશુભાઇ મહા ગુજરાત જનતા પાર્ટીમાં આવી પણ શકે છે. હાલ તો તેઓએ નવી દિલ્હી જવાનું નક્કી કર્યું છે. હાઇકમાન્ડ કેવા પ્રત્યાઘાત આપે છે તેની ઉપર આધાર છે.

ગાંધીનગરમાં યોજાયેલા આ બેઠકમાં કેશુભાઇ પટેલ, ગોરધન ઝડફિયા, સુરેશ મહેતા ઉપરાંત સંઘના પ્રદેશ નેતા ભાસ્કરરાવ દામલે, કાશીરામ રાણા, નલીન ભટ્ટ, અરવિંદ પટેલ અને વિશ્વ હિન્દુ પરિષદના પ્રદેશ સહમંત્રી લલીત સુહાગીયા અને સુરતના નેતા ફકીર ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા.





(તસવીર : દિપક જાની)





**ઉકળતો ચરૂ છે તેવા સંજોગોમાં ગુજરાતને પ્રેમનું શાસન મળે તે માટે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ**

# જિલ્લા આયોજન મંડળે રૂ. ૯.૫૦ કરોડનાં ૮૨૦ કામોને બહાલી આપી

## કામો સમયસર પૂર્ણ થાય તે જોવા પ્રભારી મંત્રીશ્રી ચૌહાણની ટકોર



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજે મળેલ બેઠકમાં રૂ. સાડા નવ કરોડના ૮૨૦ કામોને બહાલી આપવામાં આવી છે તેમજ આ વિકાસના કામો ઝડપથી શરૂ થાય તે જોવા માટે તાકિદ પણ કરવામાં આવી છે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચોહાણના અધ્યક્ષપદે આજે મળેલ આ બેઠકમાં જે કામોને બહાલી આપવામાં આવી છે તેમાં પાણી પુરવઠાના ૧૫૪ કામો, ગંદા વસવાટોની પર્યાવરણલક્ષી સુધારણા તેમજ ગટર લાઈનના ૧૭૮ કામો,સ્થાનિક વિકાસના ૧૧૬ કામોને પ્રાથમિક માન્યતા આપવામાં આવી છે. આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી વિકસીત જાતિના રૂ. ૪ લાખના વિશેષ કામોને મંજૂરી આપવામાં આવી છે.

આયોજન મંડળની આજની આ બેઠકમાં ૨૭ ટકા રકમ પાણી પુરવઠા અને ગટરના કામો માટે તેમજ ૪૦ ટકા જેટલી રકમ રસ્તાના કામો માટે ફાળવવામાં આવી છે.

આજની આ બેઠકમાં ચાર નગરપાલિકાઓ માટે પણ રૂ. ૧ કરોડ ૨૯ લાખના ૫૬ કામોને પણ બહાલી આપવામાં આવી છે. જે રાજ્યમાં પ્રથમવાર થઈ રહ્યું છે. જિલ્લાની દરેક નગરપાલિકા માટે રૂ. ૨૫ લાખની ખાસ ગ્રાન્ટ રાજ્ય સરકારે ફાળવી છે.

મળતી વિગતો પ્રમાણે ૬ કરોડ ૭૪ લાખના ૬૨૦ કામો વિવેકાધીન જોગવાઈ હેઠળ, ખાસ અંગભૂત યોજના હેઠળ રૂ. ૧ કરોડ ૪૭ લાખના ૧૪૭ લામો, તેમજ પ્રોત્સાહક યોજના હેઠળ રૂ. ૫૦ લાખના અને ખાસ ભૌગોલિક રીતે પછાત વિસ્તારના વિકાસ માટે રૂ. ૧૫ લાખના ૬૦ જેટલા કામોને પ્રાથમિક માન્યતા આપવામાં આવી છે.

જિલ્લા આયોજન મંડળની આ બેઠકમાં કલેક્ટરશ્રી પી. સ્વરૂપ, નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધી, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ શંભુજી ઠાકોર, શ્રી કલ્યાણસિંહ ઠાકોર, શ્રી બાબુજી ઠાકોર, શ્રી સુરેશભાઈ પટેલ, જિલ્લા આયોજન અધિકારી શ્રીમતી બી. બી. ચૌહાણ, જિલ્લા પંચાયત મહિલા સદસ્યશ્રી, જિલ્લા આંકડા અધિકારીશ્રી, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ જિલ્લાના અન્ય લાઈન ડીપાર્ટમેન્ટના અમલીકરણ અધિકારીશ્રીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણે સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીઓનો રૂબરૂ સંપર્ક કરીને પણ કામોના અમલ માટેનો ઉકેલ લાવી, કામો પૂર્ણ કરવા સુચના આપેલ.

# નકલી પોલીસના સ્વાંગમાં તોડ કરતા બે ગઠીયા ઝડપાયા

## અડાલજ પાસે બાઈક ચાલકને ઉભો રાખી કાગળો માંગી અઢી હજાર ખંખેરવાની પેરવી

ગાંધીનગર, તા.૧૮

અડાલજ ચાર રસ્તા પાસે નકલી પોલીસના સ્વાંગમાં બાઈક ચાલક પાસેથી રૂ. અઢી હજારનો તોડ કરવા જતા બે ગઠીયાઓને અડાલજ પોલીસે ઝડપી લીધા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરગાસણ ખાતે રહેતા તરસુભાઈ હીરકાભાઈ ગુડીના આજે સવારે પોતાનું બાઈક લઈને અડાલજ બાબાપીર ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા આ દરમિયાન રીક્ષા લઈને આવેલા આરોપી રાકેશ કાન્તિભાઈ વણકર (રહે. ચાંદખેડા પરિમલ સોસાયટી) તેમજ આરોપી મહેશ રમણભાઈ રાવળ (રહે. અસારવા) એ તેમને અટકાવ્યા હતા. આ બંને આરોપી પૈકી રાકેશે ટ્રાફિક બ્રિગેડનો ડ્રેસ પહેર્યો હતો. તેણે પોતાની ઓળખ પોલીસ તરીકે દર્શાવી બાઈકચાલક તરસુભાઈ પાસે બાઈકના કાગળો માંગ્યા હતા. આ વળાએ તેમણે કાગળો ઘરે હોવાનું જણાવતા પોલીસના સ્વાંગમાં ઉભેલા રાકેશે તેમની પાસે રૂ. ૨૫૦૦ ની માંગણી કરી હતી. દરમિયાન માથાકૂટ થતા સ્થળ પર લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું. આખરે આ મામલે અડાલજ પોલીસને જાણ કરવામાં આવી હતી. અડાલજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ટી.બી. રાઠોડે ઘટના સ્થળે પહોંચી નકલી પોલીસ બની તોડ કરવા જતા બંને ગઠીયાઓને ઝડપી લીધા હતા.



ગાંધી આશ્રમ પાસે તોતિંગ વૃક્ષ પડી જતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# ગાંધીનગર સહિત રાજ્યમાં વરસાદનો વિરામ : ગરમી વધી

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ સહીત રાજ્યમાં આજે વરસાદે વિરામ રાખ્યો હતો. દિવસે આકાશ વાદળછાયુ રહ્યું હતું અને ગરમીના પ્રમાણમાં વધારો થયો હતો. વરસાદ ન પડતા લોકો નીરાશ થયા હતા. રાજ્યમાં સૌથી વધારે ગરમી ભાવનગરમાં ૪૦.૫ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૭ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૬ ટકા નોંધાયુ હતું.

# મનપા દ્વારા મિલકત વેરાની આકારણીના વાંધાઓ અંગે રજૂઆતો સાંભળવાનો આરંભ

## આગામી ૪ દિવસ સુધી સતત રજૂઆતો સાંભળવામાં આવશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની આકારણી અંગેની મળેલી વાંધા અરજીઓ પરની સુનાવણીનો આજથી પ્રારંભ થયો છે અને તે આગામી ૨૧મી જૂન સુધી ચાલશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની આકારણી અંગેના રજીસ્ટરો તૈયાર કરી તેને પ્રસિધ્ધ કરી લોકો પાસેથી વાંધા-અરજીઓ માંગવામાં આવી હતી. લોકોના વધુ પડતા ધસારાને લઈ તંત્રએ તેની મુદતમાં પણ વધારો કર્યો હતો.

તાજેતરમાં સંપન્ન થયેલી આ મુદત દરમિયાન તંત્રને ૧૫૦૦ જેટલી વાંધા અરજીઓ મળી છે. આ અરજીઓના નિકાલ માટે તેમજ રજુઆતો સાંભળવાની સત્તા ડે. મ્યુનિ. કમિશનરશ્રી જાદવ તેમજ આસિ. કમિશ્નરશ્રી ચૌધરીને મ્યુનિ. કમિશનરશ્રીએ સુપ્રત કરી છે.

આજે સુનાવણીના પ્રથમ દિવસે જ ૧૦૦થી વધુ અરજદારોને રૂબરૂ સાંભળી વાંધા-અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ વાંધા અરજીઓની સુનાવણી ૨૧મી જુન સુધી ચાલશે. આ બંને અધિકારીઓ જરૂર પડયે સ્થળની પણ મુલાકાત લઈ અને મળેલ વાંધાઓનો નિકાલ કરશે.

આકારણીમાં બાકી રહી ગયેલ મિલ્કતો સંદર્ભે મળેલી રજુઆતો માટે અધિકારીઓની એક પેટા સમિતિની પણ રચના કરવામાં આવી છે. જે આવા વાંધાઓ અંગે માપણીનું કાર્ય કરી અને તે અંગેની કાર્યવાહી હાથ ધરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાને ૧-૪-૨૦૧૧થી મિલ્કતવેરાની વસુલી માટે મંજૂરી આપેલ છે. શહેરમાં આવેલી મિલ્કતોની આકારણી સંપન્ન કરી દેવામાં આવ્યા બાદ હવે આ અંગેના વાંધા પણ મેળવી લેવાયા છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૫ ઓગષ્ટથી મિલ્કતવેરાની વસુલીની કામગીરી હાથ ધરી શકાય તે રીતે આયોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ આયોજન આગામી સપ્તાહમાં આખરી કરી દેવાશે.





C FORM LOST

If it is found by any one of the same may please delivered to below address.

KALPATARU POWER TRANSMISSION LTD.

